# પ્રશાંત મહાસાગરમાં અલનીનોની એન્ટ્રી

**વર્ષના** અંત સુધીમાં અત્યંત મજબૂત બનવાની 63% શક્યતા

**નવેમ્બર-**2026થી જાન્યુઆરી-2027 દરમિયાન અલ નીનો 'વેરી સ્ટ્રોંગ' શ્રેણીમાં પહોંચશે

ગાંધીનગર : અમેરિકાની અગ્રણી હવામાન અને મહાસાગર સંશોધન સંસ્થા નેશનલ ઓશનિક એન્ડ એટસ્મોફિયરીક એડમીનીસ્ટ્રેશન (NOAA) એ સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે પ્રશાંત મહાસાગરમાં અલનીનો પરિસ્થિતિઓ વિકસિત થઈ ચૂકી છે. સંસ્થાના ક્લાઈમેટ પ્રેડિક્શન સેન્ટર દ્વારા બહાર પાડવામાં આવેલી તાજેતરની ENSO ડાયગ્નોસ્ટિક ચર્ચામાં જણાવાયું છે કે અલ નીનો આગામી મહિનાઓમાં વધુ મજબૂત બનશે અને ઉત્તર ગોળાર્ધના શિયાળા 2026-27 સુધી તેની અસર જળવાઈ રહેવાની શક્યતા છે.

તાજેતરના નિરીક્ષણો મુજબ મધ્ય અને પૂર્વીય વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્ર સપાટીનું તાપમાન સામાન્ય કરતાં નોંધપાત્ર ઊંચું નોંધાયું છે. Nio-3.4 ઈન્ડેક્સ +0.7 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો છે, જ્યારે પૂર્વીય પ્રશાંત વિસ્તારનો Nio-1+2 ઈન્ડેક્સ +2.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયો છે. સમુદ્રની સપાટી નીચે પણ અસામાન્ય રીતે ગરમ પાણીનો મોટો જથ્થો યથાવત રહેતા અલ નીનો વધુ મજબૂત બનવાના સંકેતો મળી રહ્યા છે.

NOAAના અનુમાન મુજબ નવેમ્બર 2026થી જાન્યુઆરી 2027 દરમિયાન અલ નીનો 'વેરી સ્ટ્રોંગ' શ્રેણીમાં પહોંચવાની આશરે 63 ટકા સંભાવના છે. જો આ અનુમાન સાચું સાબિત થશે તો 1950 પછીના સૌથી શક્તિશાળી અલ નીનો પ્રસંગોમાં તેનો સમાવેશ થઈ શકે છે.

હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ અલ નીનો એ વૈશ્વિક હવામાન વ્યવસ્થાને પ્રભાવિત કરતું મહત્વપૂર્ણ પરિબળ છે. તેના કારણે વિશ્વના વિવિધ ભાગોમાં વરસાદ, તાપમાન, દુષ્કાળ અને વાવાઝોડાની પ્રવૃત્તિઓમાં મોટા ફેરફારો જોવા મળે છે. જોકે દરેક અલ નીનોની અસર અલગ હોય છે અને દરેક પ્રદેશમાં સમાન પરિણામો જોવા મળતા નથી.

ભારત માટે અલ નીનો સામાન્ય રીતે પડકારજનક માનવામાં આવે છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ અલ નીનોના વર્ષોમાં સામાન્ય કરતાં વધુ ગરમી, હીટવેવની ઘટનાઓમાં વધારો અને ચોમાસાના વરસાદમાં ઘટાડો થવાની શક્યતા રહેતી હોય છે. જોકે ભારતીય ચોમાસા પર તેની ચોક્કસ અસર અન્ય હવામાન પરિબળો પર પણ આધાર રાખે છે. હાલમાં ભારતીય હવામાન અને કૃષિ ક્ષેત્રના નિષ્ણાતો પ્રશાંત મહાસાગરની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે. જો અલ નીનો આગામી મહિનાઓમાં વધુ મજબૂત બનશે તો તેની અસર માત્ર વરસાદના વિતરણ પર જ નહીં પરંતુ કૃષિ ઉત્પાદન, જળસંચય અને ઊર્જા વપરાશ જેવા ક્ષેત્રો પર પણ જોવા મળી શકે છે. વૈશ્વિક હવામાન નિષ્ણાતોનું માનવું છે કે 2026-27નો અલ નીનો આગામી મહિનાઓમાં વિશ્વભરના હવામાન માટે સૌથી મહત્વપૂર્ણ પરિબળોમાંથી એક બની શકે છે, જેના કારણે વિવિધ દેશોમાં હવામાનની અનિશ્ચિતતા વધવાની શક્યતા છે.

# 43 ડિગ્રી તાપમાનથી અમદાવાદ ભટ્ટી બન્યું

**આજથી** દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી

**દમણ,** દાદરા અને નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની શક્યતા

અમદાવાદ : ગુજરાતમાં ચોમાસાની એન્ટ્રીની રાહ વચ્ચે ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઉપર નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી, જ્યારે દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવા થી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

શુક્રવારે અમદાવાદ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું, જ્યાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ગાંધીનગરમાં 42 ડિગ્રી, ભાવનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં 41 ડિગ્રી તેમજ કંડલા એરપોર્ટ પર 40 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અન્ય શહેરોમાં ભૂજમાં 39 ડિગ્રી, અમરેલીમાં 39 ડિગ્રી, વડોદરામાં 39 ડિગ્રી, ડીસામાં 39 ડિગ્રી, નલિયા અને પોરબંદરમાં 36 ડિગ્રી, કંડલા પોર્ટમાં 36 ડિગ્રી, કેશોદમાં 36 ડિગ્રી, સુરતમાં 35 ડિગ્રી, મહુવામાં 35 ડિગ્રી અને દમણમાં 36 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન સમગ્ર રાજ્યમાં વાતાવરણ સૂકું રહ્યું હતું. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહ્યું હતું, જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં તાપમાન સામાન્ય સ્તરે નોંધાયું હતું. અમદાવાદ માટેની આગાહીમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. શહેરમાં મહત્તમ તાપમાન આશરે 42 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે.

દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની પ્રગતિ અંગે હવામાન વિભાગે જણાવ્યું છે કે ચોમાસું ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી, પશ્ચિમ બંગાળ, બિહાર તેમજ ઓડિશા અને ઝારખંડના કેટલાક વિસ્તારોમાં આગળ વધ્યું છે. આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના વધુ વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ છે.

રાજ્યમાં હાલ નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમ પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગે 13 જૂને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા ઉપરાંત દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં હળવા થી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની આગાહી કરી છે. 14 અને 15 જૂને દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓ ઉપરાંત દમણ, દાદરા અને નગર હવેલીમાં વરસાદી ઝાપટાં ચાલુ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. 16 જૂનથી વરસાદી વિસ્તાર વધુ વિસ્તરશે. દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ સહિતના વિસ્તારોમાં હળવા થી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. 17થી 19 જૂન દરમિયાન દક્ષિણ અને પૂર્વ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાઓ તેમજ દીવમાં પણ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આ સમયગાળા દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં પ્રિ-મોન્સૂન પ્રવૃત્તિઓ સક્રિય બનશે અને ચોમાસાની આગેકૂચ માટે અનુકૂળ વાતાવરણ સર્જાશે.

## પેરામેડિકલ અને નર્સિંગ કોર્સમાં 26,900 વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન

ગાંધીનગર : પ્રવેશ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે વિવિધ પેરામેડિકલ અને નર્સિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. બી.એસસી નર્સિંગ, બી. ફિઝિયોથેરાપી, જી.એન.એમ., એ.એન.એમ., બી. ઓપ્ટોમેટ્રી, બી. ઓક્યુપેશનલ થેરાપી, બી. ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ, બી.એ.એસ.એલ.પી. તેમજ બી. નેચરોપથી કોર્સ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી રહ્યા છે.

પ્રવેશ સમિતિના જણાવ્યા પ્રમાણે અત્યાર સુધી કુલ 27,347 વિદ્યાર્થીઓએ પીન ખરીદ્યા છે. તેમાંથી 26,900 વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન પૂર્ણ કર્યું છે, જ્યારે 24,442 વિદ્યાર્થીઓના દસ્તાવેજોની ચકાસણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે.

માત્ર 12 જૂન, 2026ના રોજ જ 943 વિદ્યાર્થીઓએ નવા પીન ખરીદ્યા હતા. આ ઉપરાંત 1,101 વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જ્યારે 2,816 વિદ્યાર્થીઓના દસ્તાવેજોનું વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. રાજ્યભરની 1,165 સંસ્થાઓમાં કુલ 5,61,754 બેઠકો ઉપલબ્ધ છે, જેના કારણે વિદ્યાર્થીઓને વિવિધ પેરામેડિકલ અને નર્સિંગ કોર્સમાં પ્રવેશ મેળવવાની વિશાળ તક ઉપલબ્ધ બની છે.

# ૭૬ વર્ષ પહેલાં ભારતની ટીમને ફૂટબોલ વર્લ્ડ કપમાં રમવાની તક મળી હતી

ફિફા વર્લ્ડ કપ ૧૧ જૂનથી શરૂ થઈ ગયો છે. પહેલી વાર ત્રણ દેશો અમેરિકા, મેક્સિકો અને કેનેડા સંયુક્ત રીતે આ ટુર્નામેન્ટનું આયોજન કરી રહ્યા છે, જે ૧૯ જુલાઈ સુધી ચાલશે. આ પહેલી વાર છે જ્યારે વિશ્વભરની ૪૮ ટીમો ફૂટબોલ સર્વોપરિતા માટે સ્પર્ધા કરશે, પરંતુ પાછલા સાત વર્લ્ડ કપમાં વિશ્વની શ્રેષ્ઠ ૩૨ ટીમો ભાગ લઈ રહી હતી. આનો અર્થ એ થયો કે આ વખતે વિશ્વભરના ૧૬ વધુ દેશોને વર્લ્ડ કપમાં ભાગ લેવાની તક મળી રહી છે. પાછલા વર્લ્ડ કપની ૬૪ મેચો કરતાં પણ વધુ મેચો રમાઈ રહી છે.ફિફાનો અંદાજ છે કે આ વખતે ઓછામાં ઓછા છ અબજ દર્શકો આ મેચો જોશે. તેનો અર્થ એ કે ચાર વર્ષ પહેલાં કતારમાં યોજાયેલા વર્લ્ડ કપ કરતાં એક અબજ વધુ દર્શકો આ મેચોનો આનંદ માણશે. વર્લ્ડ કપમાં વિશ્વના ચાર નાના દેશો જેવા કે કેપ વર્ડે, કુરાકાઓ, જોર્ડન અને ઉઝબેકિસ્તાનની ફૂટબોલ ટીમો પ્રવેશ કરવા જઈ રહી છે, પરંતુ ભારતીય રમતપ્રેમીઓમાં કોઈ ઉત્સાહ નથી, કારણ કે ભારત આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યું નથી.



ભારત કદાચ ક્યારેય ફૂટબોલ વર્લ્ડ કપમાં ભાગ લઈ શક્યું ન હોત, પરંતુ આજની પેઢીના બહુ ઓછાં રમતપ્રેમીઓ જાણતા હશે કે એક સમય એવો હતો જ્યારે ભારત ફૂટબોલ વર્લ્ડ કપમાં ભાગ લઈ શકે તેમ હતું. વિશ્વાસ કરવો મુશ્કેલ હોઈ શકે છે પરંતુ સત્ય એ છે કે ભારતીય ફૂટબોલ ટીમ ૭૬ વર્ષ પહેલાં એટલે કે ૧૯૫૦ માં બ્રાઝિલમાં રમાનારા વર્લ્ડ કપમાં ભાગ લેવાની હતી, પરંતુ ભારતીય ટીમ તેમાં ભાગ લઈ શકી ન હતી. બીજા વિશ્વયુદ્ધને કારણે ૧૯૪૨ અને ૧૯૪૬માં વર્લ્ડ કપ ફૂટબોલનું આયોજન થઈ શક્યું ન હતું. ૧૨ વર્ષની રાહ જોયા પછી આખરે ૧૯૫૦ માં વર્લ્ડ કપ યોજાયો. બ્રાઝિલમાં યોજાનારા વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ભાગ લેવા માટે ફક્ત ૩૩ દેશો સંમત થયા હતા. ભારતને બર્મા અને ફિલિપાઇન્સ સાથે ક્વોલિફાઈંગ ગ્રુપ ૧૦ માં ડ્રો કરવામાં આવ્યો હતો, પરંતુ બર્મા અને ફિલિપાઇન્સ ક્વોલિફાઈંગ રાઉન્ડમાંથી ખસી ગયા હતા. આનો અર્થ એ થયો કે ભારતની ટીમે રમ્યા વિના પણ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરી લીધું હતું.

ટુ ધ પોઇન્ટ
▪ સંજય વોરા ▪

ઇતિહાસ બહુ દૂર નહોતો. ભારતીય ટીમે પહેલી વાર વર્લ્ડ કપમાં પોતાનું કૌશલ દર્શાવવાની તક મેળવી હતી. જ્યારે ૧૯૫૦ના વર્લ્ડ કપ માટે અંતિમ રાઉન્ડનો ડ્રો કરવામાં આવ્યો ત્યારે ભારતને સ્વીડન, ઇટાલી અને પેરાગ્વે સાથે પુલ ૩ માં મૂકવામાં આવ્યું હતું. જો ભારતે આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હોત તો તેનું પ્રદર્શન કેવું હોત? સ્વર્ગસ્થ ફૂટબોલ પત્રકાર નોવી કાપડિયાએ વર્લ્ડ કપ ફૂટબોલ માટેની તેમની માર્ગદર્શિકામાં લખ્યું છે કે તે સમયે પેરાગ્વે ટીમ ખૂબ મજબૂત નહોતી. ઇટાલીના આઠ મુખ્ય ખેલાડીઓને અનુશાસનહીનતાને કારણે ટીમમાંથી બહાર રાખવામાં આવ્યા હતા. ટીમ એટલી ખરાબ હાલતમાં હતી કે બ્રાઝિલ પહોંચ્યા પછી કોચ વિક્ટોરિયો પોઝોએ રાજીનામું આપી દીધું. સ્વીડન ભારત કરતાં ઘણી સારી સ્થિતિમાં હતું. આ દૃષ્ટિકોણથી ભારત ગ્રુપમાં બીજા સ્થાને રહી શક્યું હોત, પરંતુ ટીમને ઉત્તમ અનુભવ મળ્યો હોત.

૧૯૫૦ના દાયકામાં ભારતીય ફૂટબોલનો આંતરરાષ્ટ્રીય સ્તરે બહુ પ્રભાવ નહોતો, પરંતુ ટીમની પ્રતિષ્ઠા સારી હતી. ભારતીય ટીમે ૧૯૪૮ના લંડન ઓલિમ્પિક ગેમ્સમાં પણ આ વાત સાબિત કરી હતી. ભારત મજબૂત ફ્રેન્ચ ટીમ સામે માત્ર ૧-૨ના માર્જિનથી હારી ગયું હતું. તે સમયે ફૂટબોલ ટીમના ફોરવર્ડ અને ડ્રિબલરોના રમતના કારણે ભારત પોતાની ઓળખ સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. અહેમદ ખાન, એસ. રમણ, એમ.એ. સત્તાર અને એસ. મેવાલલ જેવાં ખેલાડીઓને લોકોએ ખૂબ જ પસંદ કર્યા હતા. આ બધાં ખેલાડીઓ લંડન ઓલિમ્પિકમાં ખુલ્લા પગે ફૂટબોલ રમ્યા હતા. જો કે, રાઇટ બેક પર રમતા તાજ મોહમ્મદ બૂટ પહેરીને રમતા હતા.

ભારતીય ફૂટબોલ ટીમે ૧૯૫૦ના વર્લ્ડ કપમાં ભાગ કેમ ન લીધો તેનો કોઈ સ્પષ્ટ જવાબ નથી. જો કે, ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) દ્વારા આપવામાં આવેલા સત્તાવાર કારણ મુજબ ટીમની પસંદગી પર મતભેદ અને પ્રેક્ટિસ માટે પૂરતા સમયના અભાવને કારણે ટીમ પાછી ખેંચી લીધી હતી. વર્ષોથી આ અંગે ઘણી ચર્ચાઓ થઈ રહી છે, જેમાં સૌથી વધુ ચર્ચા એ હતી કે ભારતીય ખેલાડીઓ ખુલ્લા પગે ફૂટબોલ રમવા માંગતા હતા અને ફિફાએ આને મંજૂરી આપી ન હતી.

વરિષ્ઠ રમતગમત પત્રકાર જયદીપ બાસુનું તાજેતરનું પુસ્તક પણ આ કારણને ખૂબ વિશ્વસનીય માનતું નથી. જયદીપ બાસુનું સંપાદિત પુસ્તક 'બોક્સ ટુ બોક્સઃ ૭૫ યર્સ ઓફ ધ ઇન્ડિયન ફૂટબોલ ટીમ' કહે છે કે ભારતીય ખેલાડીઓને ખુલ્લા પગે રમવા સામે ફિફાનો વાંધો ઉઠાવવાનો કોઈ પ્રશ્ન જ નહોતો. લંડન ઓલિમ્પિકમાં ભાગ લેનારાં સાત-આઠ ખેલાડીઓની ટ્રાવેલ બેગમાં સ્પાઇક બૂટ રાખવામાં આવ્યા હતા અને તે ખેલાડીઓની પસંદગીનો વિષય હતો. આ સમયે ફૂટબોલના ખેલાડીઓ પગમાં જાડા પાટા બાંધીને રમવાનું પસંદ કરતા હતા.

ભારત દ્વારા વર્લ્ડ કપમાં ભાગ લેવાનો ઇનકાર કરવાનું એક કારણ આર્થિક હોવાનું માનવામાં આવે છે. જયદીપ બાસુએ તેમના પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે કે બ્રાઝિલ જવા માટે ટીમના ખર્ચનો મુદ્દો હતો, પરંતુ તેનો ઉકેલ મળી ગયો હતો. તે સમયે ભારતનાં ત્રણ રાજ્ય-સ્તરીય ફૂટબોલ સંગઠનોએ ખર્ચ વહેંચવાનું વચન આપ્યું હતું. એટલું જ નહીં, નોવી કાપડિયાએ તેમના પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે કે માર્ચ અને એપ્રિલ મહિનામાં બ્રાઝિલે ભારતીય ફૂટબોલ એસોસીએશનનો સંપર્ક કર્યો હતો અને ટીમનો મોટા ભાગનો ખર્ચ ચૂકવવાનું વચન આપ્યું હતું. નોવી કાપડિયાના પુસ્તક મુજબ બ્રાઝિલના આત્મવિશ્વાસનાં બે કારણો હતાં : એક, સ્કોટલેન્ડ, ફ્રાન્સ, તુર્કી અને ચેકોસ્લોવાકિયાની ટીમોએ પણ ફૂટબોલ વર્લ્ડ કપમાંથી પોતાનાં નામ પાછાં ખેંચી લીધાં હતાં અને બીજું, બ્રાઝિલ ઇચ્છતું હતું કે મહાત્મા ગાંધી અને નેહરુના દેશની ટીમ બ્રાઝિલમાં ફૂટબોલ રમે.

જયદીપ બાસુના પુસ્તક મુજબ ભારતે ૧૬ મે, ૧૯૫૦ ના રોજ વર્લ્ડ કપ માટે પોતાની ટીમની જાહેરાત કરી હતી. ભારતના પ્રસ્તાવિત સમયપત્રક મુજબ, ટીમ ૧૫ જૂને બ્રાઝિલ જવા રવાના થવાની હતી અને ભારતની પહેલી મેચ ૨૫ જૂને પેરાગ્વે સામે રમવાની હતી. પરંતુ આ પછી જે બન્યું, જયદીપ બાસુ તેને ભારતીય ફૂટબોલ જગતનું સૌથી મોટું રહસ્ય કહે છે, જેનો કોઈ ઉકેલ મળ્યો નથી. જો કે, નોવી કાપડિયા અને જયદીપ બાસુનાં પુસ્તકો દર્શાવે છે કે તે યુગના ભારતીય ફૂટબોલ ખેલાડીઓ કે ફૂટબોલ અધિકારીઓ આ પ્રસંગનું મહત્ત્વ સમજી શક્યા ન હતા.

એવું પણ લાગે છે કે ભારતીય અધિકારીઓએ નિયમોની જાણકારીના અભાવે આવો નિર્ણય લીધો હશે. વર્લ્ડ કપ ફૂટબોલમાં ભાગ લેનારાં ભારતીય ખેલાડીઓને તે સમયે વ્યાવસાયિક ખેલાડીઓનો ટેગ આપવામાં આવ્યો હતો. ખેલાડીઓના વ્યાવસાયિક દરજ્જાને કારણે તેમને ઓલિમ્પિક અને એશિયન ગેમ્સમાં ભાગ લેવાની મંજૂરી નહોતી, કારણ કે તે દિવસોમાં આ ટુર્નામેન્ટમાં એમેચ્યોર ખેલાડીઓ જ રમતાં હતાં. આ નિયમને ટાળવાના રસ્તાઓ હતા. જેમ કે હંગેરી, રશિયા અને અન્ય સમાજવાદી દેશોએ વર્લ્ડ કપ ફૂટબોલમાં ભાગ લેનારાં ખેલાડીઓને લશ્કરના સભ્યો તરીકે જાહેર કર્યા હતા અને દાવો કર્યો હતો કે લશ્કરી સભ્યો વ્યાવસાયિક ન હોઈ શકે. કદાચ તે સમયે ભારતીય અધિકારીઓ પાસે આટલી બધી માહિતી નહોતી. એ શક્ય છે કે ભારતીય ફૂટબોલ એસોસીએશને એશિયન ગેમ્સ અને ઓલિમ્પિક ગેમ્સમાં ભાગ લેવાથી બાકાત રહેવાના ડરને કારણે ૧૯૫૦ના વર્લ્ડ કપમાં ભાગ ન લેવાનો નિર્ણય લીધો હોય. આ નિર્ણય એક એવી ભૂલ સાબિત થયો, જેનો ડંખ છેલ્લાં ૭૬ વર્ષથી ભારતનાં રમતપ્રેમીઓને સતાવી રહ્યો છે. દર ચાર વર્ષે યોજાતા વર્લ્ડ કપ ફૂટબોલ દરમિયાન આ પીડા વધુ તીવ્ર બની જાય છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન દ્વારા આપવામાં આવેલા કારણ મુજબ ટીમની પસંદગી પર મતભેદ અને પ્રેક્ટિસ માટે પૂરતા સમયના અભાવને કારણે ટીમ પાછી ખેંચી લીધી હતી**

## BUSINESS મિત્ર

**ઇરાન પરનો હુમલો મુલતવી રહેતા અને ક્રુડના ભાવ તૂટતા શેરબજારમાં યુ ટર્ન**

# સેન્સેક્સ 1700 પોઇન્ટ ઉછળ્યો, રોકાણકારોને 10 લાખ કરોડની કમાણી

**આઈટી** સિવાયના તમામ સેક્ટર્સ લીલા નિશાનમાં

**ચીનમાં** વપરાશ ઘટતાં બ્રેન્ટ ક્રૂડ 4.5% તૂટ્યું

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 12:** અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પરના સૈન્ય હુમલાને મુલતવી રાખવાનો નિર્ણય કરતા ફરીથી શાંતિ મંત્રણા આગળ વધી શકે છે, જેના કારણે ભારતીય શેરબજારમાં યુ ટર્ન જોવાયો હતો અને નિફ્ટીએ 23600 પોઈન્ટની સપાટી કુદાવી હતી. જ્યારે સેન્સેક્સ 1700 પોઈન્ટ જેટલો ઉછળ્યો હતો. આજે આઈટી ઈન્ડેક્સને બાદ કરતા તમામ સેકટરો પોઝિટિવ રહ્યા હતા. આજે બ્રોડર માર્કેટમાં શાનદાર તેજી જોવા મળી હતી અને તેઓએ ફ્રન્ટલાઈન શેરોને પાછળ છોડી દીધા હતા. જેના લીધે આજે રોકાણકારોને 10 લાખ કરોડ રૂપિયાની જબરજસ્ત કમાણી થઈ છે.

ચીન દ્વારા નવા ક્રુડની ખરીદીમાં ઘટાડો કરવાની સાથે વપરાશ ઘટાડી દેવાની સરકારની જાહેરાતની પાછળ આજે બ્રેન્ટ ક્રુડમાં 4.5 ટકા જેટલો ઘટાડો જોવાયો હતો. જેની પણ બજારમાં પોઝિટિવ અસર પડી હતી. આ ઉપરાંત, ભારતના અમેરિકા સાથેના ટ્રેડ ડીલની જાહેરાત અટકી રહી છે, તે પણ ટુંકમાં પુરી થઇ જવાની આશા જોવાઇ રહી છે.

બીએસઈ સેન્સેક્સમાં 1695.40 પોઈન્ટ એટલે કે 2.3 ટકા વધીને 75527.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 75608 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74453 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 461.30 પોઈન્ટ એટલે કે 1.99 ટકા વધીને 23600 પોઈન્ટના સ્તર કુદાવીને 23622.90 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23645 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23313 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1638.05 પોઈન્ટ એટલે કે 2.97 ટકા વધીને 56814.80 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે યનાઈટેડ સ્પીરીટમાં 18.62 ગણા, એલાઈડ બ્લેન્ડર્સમાં 10.91 ગણા, ઈન્ડસ ટાવર્સ 6.79 ગણા, ઓથમ ઈન્વેસ્ટમેન્ટમાં 6.54 ગણા, બજાજ હોલ્ડીંગ્સમાં 4.72 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ઓથમ ઈન્વેસ્ટમેન્ટમાં 46.49 ગણા, એમએમટીસીમાં 8.81 ગણા, ટાટા ટેલી. મહારાષ્ટ્રમાં 5.58 ગણા, એજીસ વાપક ટર્મીનલમાં 5.41 ગણા અને ટાટા ઈન્વેસ્ટમેન્ટમાં 4.76 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મજબૂતાઈ પરત ફરતી જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 2.37 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 2.60 ટકા ઉછળ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઈ ખાતે 3234 શેરો ઉછળ્યા હતા, જ્યારે 1030 શેરો ઘટયા હતા અને 158 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સમાં 3.53 ટકાનો ઉછાળો જોવાયો હતો. જેમાં પ્રેસ્ટીજ એસ્ટેટ, બ્રિગ્રેડ એન્ટર, શોબા, ગોદરેજ પ્રોપર્ટીઝ, ડીએલએફ, અનંતરાજ, લોઢા ડેવલપર્સ, ઓબેરોય રિયલ્ટી, એબી રિયલ એસ્ટેટ અને ફોનીક્સ મીલ્સ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફ્યુચર્સ 302 પોઈન્ટ ઉછાળા સાથે ચાલતો હોવાથી આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. ઈરાન અને યુએસ વચ્ચે સંભવિત શાંતિ કરાર થવાના આશાવાદના પગલે યુરોપિયન બજારો પણ ઝડપી ઉછળ્યા હતા, જ્યારે ઈરાન પરના હુમલાને ટ્રમ્પે મુલતવી રાખવાના નિર્ણયની પાછળ એશિયન બજારો ઉછળ્યા હતા. યુરોપિયન બજારોમાં એપટીએસઈ 0.98 ટકા, કેક 1.46 ટકા, ડેક્સ 0.93 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 2.81 ટકા, સ્ટ્રેઈટસ 0.76 ટકા, હેંગસેંગ 1.60 ટકા, તાઈવાન 2.31 ટકા, કોસ્પી 4.43 ટકા, જકાર્તા 2.07 ટકા અને શાંઘાઈ 1.12 ટકા સુધારા સાથે બધ રહ્યા હતા.

### ડોલર સામે 66 પૈસાનો મોટો ઉછાળો

મીડલ ઇસ્ટમાં તણાવ શાંત થવાની સાથે યુદ્ધ વિરામની સંભાવના વધી જતા તેમજ ક્રુડ ઓઇલના ભાવમાં કડાકો બોલાતા આજે ડોલરમાં ઝડપી ઘટાડો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 66 પૈસા ઉછળીને 95.11ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.77ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.59, પાઉન્ડ 126.81, કેનેડિયન ડોલર 67.93, ઓસ્ટ્રેલિયન ડોલર 66.57, જાપાનીઝ યેન 0.5935 અને સીંગાપોર ડોલર 74.30ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.11 રૂ. |
| યુરો | 110.59 રૂ. |
| પાઉન્ડ | 126.81 રૂ. |
| યેન | 0.5935 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 1695.40 | 75527.95 |
| નિફ્ટી | 461.30 | 23622.90 |
| બેન્ક નિફ્ટી | 1630.05 | 56814.80 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 7.75 | 954.95 |
| બજાજ ફાઇનાન્સ | 5.49 | 918.30 |
| લાર્સન-ટુબ્રો | 4.85 | 4049.30 |
| ઇન્ટરગ્લોબ | 4.60 | 4709.70 |
| ટાઇટન કંપની | 3.95 | 4184.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| નેસલે ઇન્ડિયા | 3.29 | 1375.70 |
| ઓએનજીસી | 2.53 | 246.20 |
| ટેક મહિન્દ્રા | 2.45 | 1429.20 |
| SBI લાઇફ | 0.76 | 1706.00 |
| ટાટા કન્ઝ્યુમર | 0.71 | 1100.70 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 5.56 | 918.65 |
| લાર્સન-ટુબ્રો | 4.94 | 4050.20 |
| ઇન્ટરગ્લોબ | 4.59 | 47098.65 |
| ટાઇટન કંપની | 4.03 | 4187.05 |
| એચડીએફસી બેન્ક | 3.73 | 772.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 2.24 | 1432.00 |
| પાવરગ્રીડ | 0.56 | 285.00 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૮૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફલાવર | ૨૫૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૮૦ | તલતેલ | ૪૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૪૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૩૬૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૨૩૩૫ |
| તેજાબી સોનું | ૧૫૨૨૪૫ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૪૭૨૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૯૨૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૨૩૩૫૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૭૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૮૮૦૦ |

# પેનલ્ટી માફી માટે સમયસર અરજી જરૂરી

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

**ફક્ત માફી અરજી - અપીલ**

આપણે ગત બે અંકોમાં જોયું કે 1-4-2017 થી પેનલ્ટી ની કલમ અને એની ભાષામાં મુખ્યત્વે બદલાવ આવ્યો છે જમાં હવે અન્ડર રીપોર્ટીંગ અને મિસ - રીપોર્ટીંગ જેવા શબ્દો વાપર્યા છે. સરકારનો આશય ઝડપી અને ત્વરિત ન્યાય (Fast track) ડિમાન્ડ રિકવરી અને લાંબી લચાક દાવાદૂગી માંથી છુટકારાનો હતો પરંતુ વ્યવહારિક રીતે જોતા કરદાતાને દાવાદૂગી માંથી હજૂ પણ છૂટકારો મળ્યો નથી. એ સંજોગોમાં આ પેનલ્ટી સામે કાયદાકિય શું થઈ શકે અને એ અંગેના ચૂકાદાઓ પર એક નજર કરીશું. વિડંબના એ છે કે જે અધિકારીએ પેનલ્ટી લગાડવાનો ઓર્ડર કર્યો છે તેની પાસે માફી માટે જવાનું.

1. મે અગાઉ લખ્યુ તેમ એસેસમેન્ટ ઓર્ડરમાં હજૂ તો પેનલ્ટી કાર્યવાહી શરૂ કરવા અંગે લખ્યુ છે તે ઓર્ડર મળ્યાના મહિનાના અંતથી 30 દિવસમાં પૂરેપૂરો ટેક્ષ અને વ્યાજ ભરીને આવકવેરાને માફીની અરજી કરવી ફરજિયાત છે. નિયમ - 129 અને ફોર્મ 68 માં આ અરજી કરવાની છે. એસેસમેન્ટ ઓર્ડર માં આવક ના ઉમેરા ,આવકની કરપાત્રતા, ખર્ચાઓ નામંજૂર વિગેરે જેવા ઘણા મુદ્દાઓ હોય છે. પરંતુ હવે દરેક મુદ્દા સામે પેનલ્ટી લગાડી છે કે નથી લગાડી તે ઓર્ડરમાં સ્પષ્ટતા નથી. મતલબ કે 5 અલગ અલગ મુદ્દાઓ પર એડિશનો થયેલ હોય તો પણ પેનલ્ટી અંગેની માફી માટે અલગ અલગ (Issue based) કરવાની રહેતી નથી પરંતુ સમગ્ર ઓર્ડર સામે માફીની અરજી કરવાની છે. વળી આ 30 દિવસ નો સમયગાળો પણ મહત્વનો છે. એ ચૂકાય નહી એનું ધ્યાન રાખવું.

2. માફી ની અરજી કર્યા બાદ , અરજી મળ્યાના મહિનાના અંતથી 3 મહિનામાં આ અરજી માન્ય કે અમાન્ય (Accept or Reject) કરવાની છે અને આવકવેરા અધિકારીનો આ ઓર્ડર આખરી (Final) ગણાશે. મતલબ કે આવકવેરા અધિકારી અરજી રિજેક્ટ કરે તો એની સામે અપીલ ની જોગવાઇ નથી. કરદાતાએ આ ઓર્ડર ટેકનીકલ કારણોસર સીધો હાઇકોર્ટ માં પડકારવો પડશે.

3. એસેસમેન્ટ ઓર્ડરમાં પેનલ્ટીની પ્રક્રિયા શરૂ થઈને તેને અનુસંધાને કરદાતા દ્વારા આપેલ જવાબ ધ્યાનમાં લઈને અધિકારીએ ઓર્ડર પસાર કરવાનો છે. કરદાતાની રજૂઆત કે કલમના અપવાદ માં કેઈસ પડે છે અને પેનલ્ટી લાગતી નથી અથવા મિસ - રીપોર્ટીંગ ને બદલે અન્ડર રીપોર્ટીંગ ની ઓછી ગંભીરતા ના પ્રાવધાનમાં પડે છે એવી રજૂઆતને ધ્યાને લઈને અધિકારીઓ તકસંગત (Reasoned order) અને કારણ દર્શક (Speaking order) પસાર કરવો રહે. વળી મિસ - રીપોર્ટીંગ ને બદલે અન્ડર રીપોર્ટીંગ માં પડતો હોય તો એને માફી અરજી નો લાભ આપવો જોઈએ અને સીધીસટ માફી અરજી એ કારણસર રિજેક્ટ થઈ નહિ શકે કે કરદાતાનો કેઈસ મિસ - રીપોર્ટીંગ નો હોય માફીનો લાભ મળે નહિ. યાદ રહે કે એસેસમેન્ટ ઓર્ડરનાં પેનલ્ટીની કાર્યવાહી શરૂ થઈ છે. લગાડવામાં (Impose) આવી નથી આથી પેનલ્ટી ઓર્ડર પસાર કરવો ફરજિયાત છે.

4. કોર્ટ ના ચુકાદાઓ એવું કરાવે છે કે આવકવેરા અધિકારીએ મિસ-રીપોર્ટીંગનો કેઈસ બનાવતા પહેલાં ક્લોઝ- 270A (9) નો મામલો બને છે કે નહિ એ સાબિત કરવાનું છે. દા.ત. ગેરરજૂઆત હકિકત છૂપાવવી, રોકાણો ચોપડે નોંધાવા નહિ વિગેરે. આ અંગે કરદાતાને શો કોઝ આપીને જે તે મુદ્દા ઉપર એને ખૂલાસો લેવો જરૂરી છે.

**અરજી રિજેક્શન અને બચાવ**

ઉપર જણાય તેમ અરજી રિજેક્ટ થાય તો તે ફાઈનલ નિર્ણય ગણાશે. અપીલ થઈ શકશે નહિ પરંતુ મૂળ એસેસમેન્ટ ઓર્ડરમાં થયેલ એડિશનો સામે અપીલ થઈ શકશે. અને પહેલી અપીલ કરવાના 30 દિવસ નો સમયગાળામાં માફી અરજીમાં વિતેલ સમય ગણવાનો નથી. આ પહેલી અપીલમાં ઈસ્યૂ આધારે થયેલ ઓડિશનો પડકારી શકાશે અને જો આવા ઓર્ડરનો રદબાતલ થાય તો પેનલ્ટી આપોઆપ કેનસ્લ થશે. પરંતુ જે એડિશનો કન્ફર્મ થયા હોય એની સામે અધિકારી દ્વારા પેનલ્ટીની કાર્યવાહી નવેસરથી શરૂ થશે. જે સામે ત્યારબાદ માફી અરજી અથવા અપીલમાં પડકારવાનો રસ્તો સદંટર બંધ થાય છે. કમિશ્નરને માફીની અરજી નો રસ્તો ખૂલ્લો છે તે ક્યારેક ચર્ચીશું.

# સોના-ચાંદીના ભાવ નરમ, પણ ઈટીએફ ચમક્યા

**સિલ્વર** ETFમાં 3% અને ગોલ્ડ ETFમાં 1.5% સુધીનો ઉછાળો

મુંબઇ, તા. 12: વૈશ્વિક સ્તરે સોના અને ચાંદીના ભાવ નરમ પડ્યા છે અને સાપ્તાહિક સ્તરે નકારાત્મક થવા તરફ આગળ વધી રહ્યા છે. તેની વચ્ચે, આજે સોના-ચાંદીના ઈટીએફ ચમક્યા હતા. આમ, વૈશ્વિક બજારોની વિપરીત ચાલ દર્શાવી હતી. સિલ્વર ઈટીએફની બ્રાઈટનેસમાં 3 ટકાથી વધુનો વધારો થયો હતો અને ગોલ્ડ ઈટીએફની બ્રાઈટનેસમાં લગભગ દોઢ ટકાનો વધારો થયો હતો. આ તેજી એવા સમયે આવી હતી જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટ ખૂબ જ ચર્ચામાં હતું. યુએસ અને ઈરાન વચ્ચે સમાધાનની આશાએ શેરબજારમાં પણ ઉછાળો જોવાયો હતો. સીલ્વર ઈટીએફમાં નિપ્પોન ઈન્ડિયા સિલ્વર ઈટીએફ 3.05 ટકા વધીને રૂ. 228.14, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ સિલ્વર ઈટીએફ 3.05 ટકા વધીને રૂ. 238.08, એસબીઆઈ સિલ્વર ઈટીએફ 3.02 ટકા વધીને રૂ. 233.62 અને ટાટા સિલ્વર ઈટીએફ 3.11 ટકા વધીને રૂ. 23.18 પર બંધ રહ્યો હતો.